# આજે સુરતના 11 કેન્દ્ર પર 3541 ઉમેદવાર UPSC પરીક્ષા આપશે

**પરીક્ષામાં** 10 મિનિટ મોડા પડનારને એન્ટ્રી નહીં મળે, બાયોમેટ્રિક ચેકિંગ બાદ જ મળશે પ્રવેશ

### દિલ્હીથી ખાસ નિરીક્ષકો, CCTVથી નજર

પરીક્ષાની સમગ્ર પ્રક્રિયા પર નજર રાખવા માટે દિલ્હીથી બે કેન્દ્રીય નિરીક્ષકો સુરત પહોંચ્યા છે. તમામ પરીક્ષા કેન્દ્રો અને વર્ગખંડોમાં CCTV કેમેરા ગોઠવાયા છે. સાથે જ પુરવઠા ખાતાની કચેરી ખાતે ખાસ કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે, જ્યાંથી ત્રણ ડેપ્યુટી કલેક્ટર અને પોલીસ વિભાગ દ્વારા લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે.

### પ્રથમ વખત તરત જાહેર થશે પ્રોવિઝનલ આન્સર-કી

UPSCના ઇતિહાસમાં પ્રથમ વખત પરીક્ષા પૂર્ણ થયા બાદ તરત જ પ્રોવિઝનલ આન્સર-કી જાહેર કરવામાં આવશે. જેના કારણે ઉમેદવારો પોતાના સંભવિત ગુણોનું મૂલ્યાંકન તરત કરી શકશે. પરીક્ષા કેન્દ્રો પર પીવાનું પાણી અને અન્ય પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવા પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

સુરતઃ દેશની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી UPSC સિવિલ સેવા પ્રારંભિક પરીક્ષા આજે રવિવારે સુરત સહિત સમગ્ર દેશમાં યોજાવા જઈ રહી છે. પરીક્ષાને લઈ આ વખતે વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અને પારદર્શિતાના કડક પગલાં ભરાયા છે. ખાસ કરીને પરીક્ષા શરૂ થવાના માત્ર 10 મિનિટ પહેલાં જ મુખ્ય દરવાજા બંધ કરી દેવાના નિયમને કારણે ઉમેદવારોમાં ચિંતા અને સતર્કતા બંને જોવા મળી રહી છે.

સુરત શહેરના 11 પરીક્ષા કેન્દ્રો પર કુલ 3541 ઉમેદવાર પરીક્ષા આપશે, જ્યારે દેશભરમાં આશરે 8.19 લાખ ઉમેદવાર ભાગ્ય અજમાવશે. પરીક્ષા બે સત્રમાં યોજાશે. સવારે 09:30થી 11:30 દરમિયાન જનરલ સ્ટડીઝ પેપર-1 અને બપોરે 02:30થી 04:30 દરમિયાન CSAT પેપર-2 લેવામાં આવશે. ઉમેદવારો માટે આ વખતે બાયોમેટ્રિક અને ફેસ ઓથેન્ટિકેશન ફરજિયાત બનાવાયું છે.

પરીક્ષા કેન્દ્ર પર કડક ફ્રિસ્કિંગ પ્રક્રિયા હાથ ધરાશે. સવારે 09:00 અને બપોરે 02:00 વાગ્યા બાદ મુખ્ય દરવાજા બંધ કરી દેવાશે અને ત્યારબાદ મોડા પહોંચનાર ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહીં. આ કારણે ઉમેદવારોને ઓછામાં ઓછા દોઢ કલાક વહેલા કેન્દ્ર પર પહોંચવાની સૂચના આપવામાં આવી છે.

### વીએનએસજીયુમાં રોજગારી મેળો યોજાયો

# 758 જગ્યા પર 305 વિદ્યાર્થીની પસંદગી કરી

**૧૫ હજારથી** ૪૦ હજાર સુધીના પગારની ઓફર

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આજરોજ ભરતી મેળો યોજાયો હતો. જેમાં 24 કંપની, 758 જગ્યા માટે 305 ઉમેદવારની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. આ ઉમેદવારોને 15 હજારથી લઈ 40 હજાર સુધીનો પગાર ઓફર કરાયો છે.

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે 61મા સ્થાપના દિનની ઉજવણી માત્ર ઔપચારિકતા પૂરતી ન રહી, પરંતુ યુવાઓના ભવિષ્યને નવી દિશા આપનાર પ્રસંગ બની. યુનિવર્સિટી અને મદદનીશ નિયામક (રોજગાર) કચેરી-સુરતના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા રોજગાર ભરતી મેળાએ શિક્ષણ અને રોજગાર વચ્ચેનું અંતર ઘટાડવાનો પ્રયાસ કર્યો. ભરતી મેળામાં સુરત જિલ્લાના વિવિધ ક્ષેત્રોની ૨૪ પ્રતિષ્ઠિત કંપનીઓ જોડાઈ હતી.

તેમાં ડાયમંડ, બેન્કિંગ, એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ, શિક્ષણ અને મેનેજમેન્ટ ક્ષેત્રની કંપનીઓનો સમાવેશ થયો હતો. કુલ ૭૫૮ જેટલી ખાલી જગ્યાઓ સામે ૩૫૦થી વધુ ઉમેદવારો હાજર રહ્યાં હતા, જેમાંથી ૩૦૫ ઉમેદવારોની એક અથવા એકથી વધુ કંપનીઓમાં પ્રાથમિક પસંદગી કરવામાં આવી હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. ભરતી મેળાની વિશેષતા એ રહી કે વિવિધ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સારા પેકેજની તક ઉપલબ્ધ થઈ. પસંદગી પામેલા ઉમેદવારોને માસિક રૂ. ૧૫,૦૦૦થી લઈને રૂ. ૪૦,૦૦૦ સુધીના પગારની ઓફર કરવામાં આવી હતી. હવે આ ઉમેદવારોને બીજા તબક્કાના ઈન્ટરવ્યૂ માટે સંબંધિત કંપનીઓમાં બોલાવવામાં આવશે.

### સુરત જિલ્લા પંચાયતના નવા સુકાની માટે કાઉન્ટડાઉન શરૂ

# સોમવારે પ્રમુખ-ઉપપ્રમુખ સહિત સત્તાના મુખ્ય હોદ્દેદારો પર મોહર

**પ્રમુખ** પદ માટે સમીર મોદીનું નામ સૌથી આગળ, કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે બ્રિજેશ પટેલનું નામ પણ મોખરે

**અંતિમ** નિર્ણય ભાજપના મોવડી મંડળ દ્વારા આપવામાં આવનારા મેન્ડેટ પર આધારિત

### વિકાસના મુદ્દે નવી ટીમ પર રહેશે નજર

જિલ્લા પંચાયતના નવા હોદ્દેદારો સામે ગ્રામ્ય વિકાસ, માર્ગ-મકાન, આરોગ્ય સુવિધાઓ, પીવાના પાણી અને પંચાયતી વહીવટને વધુ અસરકારક બનાવવાના પડકારો રહેશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા માટે નવી ટીમ કઈ પ્રાથમિકતા નક્કી કરે છે તેના પર રાજકીય તથા સામાજિક વર્તુળોની નજર રહેશે.

### ચોર્યાસી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે યશ્વી પટેલની પસંદગી

જિલ્લા પંચાયતની ચૂંટણી પૂર્વે શનિવારે જિલ્લાના વિવિધ તાલુકા પંચાયતોમાં પણ પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની વરણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ભાજપ મોવડી મંડળના મેન્ડેટ બાદ નવા હોદ્દેદારોના નામ જાહેર કરાયા હતા. ચોર્યાસી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે યશ્વી ચિરાગ પટેલની પસંદગી કરવામાં આવી હતી, જ્યારે ઉપપ્રમુખ પદે અશોક ફકીરભાઈ પટેલની વરણી થઈ હતી. ઉપરાંત કારોબારી અધ્યક્ષ તરીકે અજય ડાહ્યાભાઈ પટેલ, શાસકપક્ષના નેતા તરીકે રીના ધનસુખભાઈ પટેલ અને દંડક તરીકે જયાબેન જયદીપભાઈ વાંસિયાની પસંદગી કરવામાં આવી હતી.

સુરતઃ સુરત જિલ્લા પંચાયતના સત્તાસિંહાસન માટેની રાજકીય ગતિવિધિઓ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. આજે રવિવારે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે, જ્યારે સોમવારે યોજાનારી સામાન્ય સભામાં નવા સુકાનીના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ભાજપ સંગઠન દ્વારા મેન્ડેટ જાહેર થવાનું હોવાથી રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ સવારે ૧૦.૩૦ વાગ્યા બાદ ઉમેદવારો પોતાના ફોર્મ રજૂ કરશે. આ પ્રક્રિયા માત્ર ઔપચારિક માનવામાં આવી રહી છે, કારણ કે અંતિમ નિર્ણય ભાજપના મોવડી મંડળ દ્વારા આપવામાં આવનારા મેન્ડેટ પર આધારિત રહેશે. પ્રમુખ-ઉપપ્રમુખ ઉપરાંત કારોબારી સમિતિના અધ્યક્ષ, શાસકપક્ષના નેતા અને દંડકના નામો પણ રવિવારે જ નક્કી થઈ જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજકીય સમીકરણો વચ્ચે હાલ પ્રમુખ પદ માટે સમીર મોદીનું નામ સૌથી આગળ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે બ્રિજેશ પટેલનું નામ પણ મોખરે હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, પક્ષ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, તેથી અંતિમ ક્ષણ સુધી આંતરિક ચર્ચાઓ અને સમીકરણો ચાલુ રહે તેવી શક્યતા છે.

# ડિઝલની સ્થિતિ સુધારવા ટ્રાન્સપોર્ટર્સનું 1 જૂનનું અલ્ટિમેટમ

**ડીઝલની** અછતથી ગુજરાતનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ સંકટમાં

**નાયબ** મુખ્યમંત્રી હર્ષ સંઘવી સમક્ષ રજૂઆત

ગાંધીનગર : ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલિયમ પેદાશો, ખાસ કરીને ડીઝલના જથ્થામાં અછત વર્તાઈ રહી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. આ ગંભીર મુદ્દે હવે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને ડીઝલની અછત દૂર કરવા તેમજ મંદીમાં રહેલા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને બચાવવા તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરવામાં આવી છે.

ટ્રાન્સપોર્ટ એસોસિએશન તેમજ ગાંધીધામ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગોને 1 જૂન સુધી સ્થિતિ સુધારવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. એસોસિએશનના જણાવ્યા મુજબ રાજ્યના અનેક વિસ્તારોમાં ડીઝલની અછતને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ભારે મુશ્કેલીમાં મુકાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હોવાનું દાવો કરવામાં આવ્યો છે. અનેક વિસ્તારોમાં ડીઝલનો જથ્થો ખૂટી પડતા પેટ્રોલ પંપો બંધ થઈ ગયા હોવાનું એસોસિએશને જણાવ્યું છે, જેના કારણે માલસામાનની હેરફેર કરતા ટ્રક ચાલકો રસ્તામાં અટવાઈ પડ્યા છે. પત્રમાં વધુમાં જણાવાયું છે કે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પહેલેથી જ આર્થિક મંદીનો સામનો કરી રહ્યો છે. આવા સમયે ડીઝલ જેવું પાયાનું ઈંધણ સમયસર ઉપલબ્ધ ન રહે તો ઉદ્યોગને ભારે ફટકો પડી શકે છે. ડીઝલની અછતને કારણે માલસામાનની સમયસર ડિલિવરીમાં વિલંબ થઈ રહ્યો છે, જ્યારે વાહનોના પૈડાં થંભી જતાં વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રને મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

એસોસિએશને સરકારને અપીલ કરી છે કે પેટ્રોલિયમ કંપનીઓ સાથે તાત્કાલિક સંકલન સાધીને ડીઝલનો પુરવઠો પૂર્વવત કરવામાં આવે. રજૂઆતમાં જણાવાયું છે કે રાજ્યના અનેક વિસ્તારોમાં પંપો બંધ હોવાને કારણે ટ્રાન્સપોર્ટરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સરકાર તાત્કાલિક પગલાં ભરે જેથી મંદીમાં સપડાયેલા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને રાહત મળી શકે અને રાજ્યની આર્થિક ગતિવિધિઓ પર તેની નકારાત્મક અસર ન પડે.

## અનુસંધાન ... પાના પહેલાનું

**અમેરિકી વિદેશમંત્રી...**

મજબૂત ભાગીદારી માટે પોટસના વિઝનને આગળ વધારવા પર કેન્દ્રિત છે. ઉત્તમ ચર્ચાઓ અને સાથે મળીને વાસ્તવિક પ્રગતિ કરવા માટે આતુર છીએ!"

મે ૨૦૧૨માં હિલેરી ક્લિન્ટને આ શહેરની મુલાકાત લીધી હતી તે પછી કોલકાતાની ધરતી પર પગ મૂકનારા રુબિયો પ્રથમ અમેરિકી વિદેશ મંત્રી બન્યા છે.

યુએસ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, રુબિયો મધ્ય કોલકાતામાં સેન્ટ ટેરેસાના મિશનરીઝ ઓફ ચેરિટીના મુખ્ય મથક 'મધર હાઉસ' અને શહેરમાં આવેલા ચિલ્ડ્રન્સ હોમની મુલાકાત લેશે. બાદમાં મળેલા અહેવાલ મુજબ તેઓ મધર હાઉસની મુલાકાતે પહોંચ્યા હતા અને કલકત્તાની મુલાકાતો પતાવીને દિલ્હી રવાના થયા હતા. દિલ્હીમાં તેઓ મોદીને મળવા ઉપરાંત ભારતીય વિદેશ મંત્રી સાથે મંત્રણા કરવાનો અને મંગળવારે ક્વાડની બેઠકમાં ભાગ લેવાનો કાર્યક્રમ ધરાવે છે.

મે ૨૩થી ૨૬ દરમિયાન નિર્ધારિત અને આગ્રા, જયપુર તથા નવી દિલ્હીનો સમાવેશ કરતો રુબિયોનો ભારત પ્રવાસ, ભારત સાથેની તેમની નિર્ધારિત ઊર્જા વાટાઘાટો અને ક્વાડ દેશોના મંત્રીઓ સાથેની બેઠક માટે રાજદ્વારી રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

**ભારતના અનેક...**

જમીન પર પડી રહ્યા છે અને શેરીના પ્રાણીઓ પેટની ઝેરી અસરોથી પીડાઈ રહ્યા છે. રાજસ્થાનમાં, ચિત્તોડગઢ છેલ્લા 24 કલાકમાં 44.2 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ સ્થળ તરીકે ઊભરી આવ્યું છે, કારણ કે હવામાન વિભાગે ચેતવણી આપી છે કે રવિવારથી તાપમાનમાં હજી પણ વધારો થવાની સંભાવના છે અને કેટલાક અલગ-અલગ વિસ્તારોમાં તીવ્ર હીટવેવની સ્થિતિ અપેક્ષિત છે. ઉતતરપ્રદે, હરિયાણા, પંજાબ સહિતના દેશના ઉત્તરીય ભાગો, મધ્યપ્રદેશ અને ઝારખંડ તથા ઉત્તરીય મહારાષ્ટ્ર જેવા મધ્યભારતના વિસ્તારો અને બિહાર, ઓડિશા સહિતના પૂર્વ ભારતના વિસ્તારોમાં પણ છેલ્લા કેટલાક દિવસથી સખત ગરમી પડી રહી છે. દક્ષિણ ભારતના તેલંગાણામાં પણ સખત ગરમીનું મોજું છે. જો કે બીજા કેટલાક દક્ષિણી રાજ્યોમાં ગરમી ઓછી છે.

રાજધાની દિલ્હીમાં પણ સખત ગરમીનું મોજું ચાલુ છે ત્યારે કેટલાક ભાગોમાં આજે વરસાદના છાંટાઓ પડતા ગરમીમાં થોડી રાહત મળી હતી.

**ચીનમાં કોલસાની...**

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે સત્તાવાળાઓને ઈજાગ્રસ્તોની સારવાર કરવા અને સર્ચ તેમજ બચાવ કામગીરી હાથ ધરવા માટે કોઈ કસર ન છોડવા હાકલ કરી છે, સાથે જ અકસ્માતના કારણની સંપૂર્ણ તપાસ કરવા અને કાયદા અનુસાર કડક જવાબદારી નક્કી કરવાનો આદેશ આપ્યો છે.

વડા પ્રધાન લી કિયાંગે પણ આ સૂચનાઓનો પડઘો પાડતાં સમયસર અને સચોટ માહિતી જાહેર કરવા તેમજ કડક જવાબદારી નક્કી કરવા જણાવ્યું હતું.

ક્વિનયુઆનમાં સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાધિકારીના જણાવ્યા અનુસાર, બચાવ કામગીરી ચાલુ છે અને અકસ્માતના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

ચીને વધુ કડક નિયમો અને સુરક્ષિત પદ્ધતિઓ દ્વારા 2000ના દાયકાની શરૂઆતથી કોલસાની ખાણોમાં થતા મૃત્યુ – જે મોટે ભાગે ગેસ વિસ્ફોટ અથવા પૂરને કારણે થાય છે – તેમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. જોકે, લિયુશેનયુની ઘટના પાછલા દાયકામાં ચીનમાં નોંધાયેલી સૌથી ઘાતક ઘટનાઓમાંથી એક હતી.

**દેશમાં ઇંધણની...**

વધારો થવાને કારણે થઈ છે. કારણ કે, જથ્થાબંધ ઇંધણ પુરવઠાની કિંમતો ઊંચા આંતરરાષ્ટ્રીય દરોને અનુરૂપ રાખવામાં આવી રહી છે.

કંપનીએ જણાવ્યું હતું કે, ૧-૨૨ મે દરમિયાન પેટ્રોલના વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૪ ટકાનો વધારો થયો છે, જ્યારે ડીઝલના વેચાણમાં આશરે ૧૮ ટકાનો વધારો થયો છે, જે માંગમાં સતત અને અપવાદરૂપે ઊંચી વૃદ્ધિ દર્શાવે છે, જેને તે દેશભરમાં પૂર્ણ કરવાનું ચાલુ રાખે છે.

**ઝારખંડમાં 'સબ-...**

પોલીસ ટીમે શુક્રવારે ધનકરા મોડ નજીકથી શિવાની ધરપકડ કરી હતી અને તેના દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે, ઓરાંને સેમરિયાતાંડમાં તેના ઘરેથી પકડી લેવામાં આવ્યો હતો." અધિકારીએ જણાવ્યું કે લાતેહાર, ચતરા અને રાંચી જિલ્લામાં શિવા વિરુદ્ધ 24 ગુનાહિત કેસો પેન્ડિંગ છે.

**ઈરાન અને અમેરિકા...**

તેહરાનમાં એક વરિષ્ઠ અધિકારીને મોકલીને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આમ છતાં, ઈરાન અને યુએસ બંનેએ તેમના મુખ્ય વલણો પર ભાર મૂક્યો હતો અને હુમલાઓ ફરી શરૂ થવાના જોખમો અંગે ચેતવણી આપી છે. ઈરાનના સરકારી ટીવીએ વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈને ટાંકીને આ ડ્રાફ્ટને 'માળખાકીય કરાર' તરીકે વર્ણવ્યો હતો અને ઉમેર્યું હતું કે: "અમે ઈચ્છીએ છીએ કે આમાં થોપવામાં આવેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે જરૂરી મુખ્ય મુદ્દાઓ અને અમારા માટે આવશ્યક મહત્ત્વના અન્ય મુદ્દાઓનો સમાવેશ થાય. ત્યાર બાદ ૩૦થી ૬૦ દિવસના વાજબી સમયગાળા દરમિયાન, વિગતો પર ચર્ચા કરવામાં આવશે અને અંતે એક અંતિમ કરાર પર પહોંચાશે." ઈસ્માઈલ બઘાઈને કહ્યું કે હોર્મુઝની સામુદ્રધુની ચર્ચાના વિષયોમાં સામેલ છે. ઈરાનની સત્તાવાર સમાચાર સંસ્થા આઈઆરએનએ દ્વારા બઘાઈને ટાંકીને જણાવાયું છે કે, તાજેતરના દિવસોમાં સ્થિતિઓ વધુ નજીક આવી છે.

**મોદી-રુબિયો...**

નજીકના ભવિષ્યમાં વ્હાઈટ હાઉસની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું. ઈરાન હોર્મુઝ ખાડી પર ખોટી રીતે કાબૂના પ્રયાસો કરી રહ્યું છે એવા આક્ષેપો કરવાની સાથે માર્કો રૂબિયોએ ભારત અમેરિકાનું ઈંધણ ખરીદે તેવી રજૂઆત કરી હતી.

અમેરિકાના વિદેશ મંત્રીની ચાર દિવસની ભારત મુલાકાતને મુખ્યત્વે ગયા વર્ષના મધ્ય ભાગથી અવરોધોનો સામનો કરી રહેલા દ્વિપક્ષીય સંબંધોને ફરીથી મજબૂત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

મોદીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, "અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોનું સ્વાગત કરીને આનંદ થયો. અમે ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીમાં સતત પ્રગતિ અને પ્રાદેશિક તેમ જ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી." પીએમ મોદીએ કહ્યું, "ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વૈશ્વિક ભલાઈ માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે."

અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું હતું કે, સેક્રેટરી રુબિયો અને પીએમ મોદી વેપાર અને સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવા અને મહત્ત્વપૂર્ણ તેમ જ ઊભરતી ટેક્નોલોજી પર સહયોગ ઝડપી બનાવવા માટે સંમત થયા છે.

## અનુસંધાન ... પાના આઠનું

**ઉમરગામ-વાપીમાં...**

વાપી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગરમી વધુ તેજ બની હતી. છેલ્લા બે દિવસથી સવારે ક્યારેક વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જે બાદ દિવસભર ગરમીનો પારો વધુ તેજ બની રહ્યો છે. શનિવારે થોડા સમય માટે આવેલા વરસાદને પગલે કેરી પકવનારા ખેડૂતોમાં નિરાશા જોવા મળી હતી. જો કે, વાતાવરણ ખુલ્લું થઈ જતા હળવાશ થઈ હતી.

**કાળઝાળ ગરમી...**

નજારો ખુબ જ નયનરમ્ય બની ગયો છે. બીજી તરફ, વાતાવરણમાં આવેલા આ આહલાદક બદલાવને પગલે ગુજરાતનાં એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે પ્રવાસીઓની ભારે ભીડ ઉમટી પડી છે. વીકેન્ડની રજાઓ અને બદલાયેલા મિજાજને માણવા માટે ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, નવસારી તેમજ મહારાષ્ટ્રમાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ સાપુતારા ખાતે પહોંચી ગયા છે. સાપુતારાના જોવાલાયક સ્થળો જેવા કે લેક ગાર્ડન, બોટિંગ ક્લબ, પેરાગ્લાયડીંગ, સનસેટ પોઈન્ટ અને રોપવે વગેરે જગ્યાઓ પર પ્રવાસીઓની ચહલપહલથી મેળાવડા જેવો માહોલ સર્જાયો છે. વહેલી સવારમાં ગુલાબી ઠંડી અને ખુશનુમા હવામાનનો આનંદ ઉઠાવવા માટે પ્રવાસીઓ રસ્તાઓ પર ફરતા નજરે પડ્યા હતા, જેને કારણે સ્થાનિક રોજગાર અને પ્રવાસન ઉદ્યોગમાં પણ ભારે તેજી જોવા મળી રહી છે.

**પાલ બ્રિજ...**

રીતે તેની સાથે વાતચીત શરૂ કરી તેને શાંતિથી સમજાવ્યો હતો. આખરે દોઢ કલાકની ભારે જહેમત અને સમજાવટ બાદ યુવકને કોઈપણ ઈજા વગર સલામત રીતે નીચે ઉતારી લેવામાં ફાયર ટીમને સફળતા મળી હતી. આ દરમિયાન સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હોવાથી ફાયર બ્રિગેડે આ યુવકને આગળની કાર્યવાહી માટે પોલીસને સોંપ્યો હતો.

**વ્યારા તા.પં.ની...**

હાઈવે પર અટકાવ્યા હતા. કોઈપણ સક્ષમ કારણ વગર તમામ સભ્યોને ગંગાધરા પોલીસ ચોકીમાં ગોંધી રાખવામાં આવતાં ભારે હોબાળો મચી ગયો હતો. ચૂંટણીનો સમય માથે હોવા છતાં અને વાહનોના ચેકિંગમાં કંઈ જ વાંધાજનક ન મળ્યું હોવા છતાં પોલીસે સભ્યોને મુક્ત ન કરતાં વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું. સત્તાના જોરે લોકશાહીના ધજાગરા ઉડાવતી આ ઘટનાને પગલે કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરો ઘટના સ્થળે દોડી ગયા હતા. ભારે દબાણ અને કાનૂની આટાપાટા બાદ અંતે દસ સભ્યોને છોડવામાં આવ્યા હતા, પરંતુ ત્રણ સભ્યોને સત્તાધારી પક્ષને ફાયદો કરાવવાના બદઈરાદા સાથે છેલ્લી ઘડી સુધી ગોંધી રાખવામાં આવતાં સમગ્ર તાપી અને સુરત જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. સત્તાના જોરે જનમતના અપહરણના આ નગ્ન નાચે ગુજરાતના રાજકીય વર્તુળોમાં ભારે આક્રોશ જગાડ્યો છે.

**કડોદરામાં 6...**

રીતે ઈજાગ્રસ્ત હાલતમાં બાળકને પહેલાં પલસાણા આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરોના જણાવ્યા મુજબ બાળકના શરીરે મલ્ટિપલ ડોગ બાઇટના નિશાન જોવા મળ્યા હતા. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

**પાલિકા સામે...**

રમવા જતા હોય છે ત્યારે પાલિકાએ તાત્કાલિક ડોગ કંટ્રોલ અભિયાન શરૂ કરી રખડતાં કૂતરાં સામે અસરકારક કાર્યવાહી કરવાની લોકો માંગ કરી રહ્યા છે. લોકોમાં હવે ભય સાથે ગુસ્સો પણ વધી રહ્યો છે. જાહેર સ્થળોએ બાળકો સુરક્ષિત રીતે ફરી શકે તેવી સ્થિતિ ઉભી કરવી હવે તંત્ર માટે સૌથી મોટો પડકાર બની રહી છે.

**કંપનીઓએ બદલ્યો...**

કંપનીએ પોતાના લગભગ 70% સ્ટાફને 'વર્ક ફ્રોમ હોમ' આપી દીધું છે. હવે માત્ર એવા જ કર્મચારીઓને ઓફિસ બોલાવવામાં આવે છે જેમના પ્રોજેક્ટ્સ ખૂબ ક્રિટિકલ હોય. આ નિર્ણયથી કર્મચારીઓનો સમય તો બચે જ છે સાથે ઇંધણની વપરાશમાં પણ મોટો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત, આર્થિક ચક્ર જળવાઈ રહે તે માટે કંપની રોજગાર વિહોણા લોકોને ફ્રીલાન્સિંગ દ્વારા કામ આપીને મદદ કરી રહી છે.

**યુવાનોનો નવો...**

ચર્ચા શરૂ થઈ છે. ઇન્ટર્નશિપ કરી રહેલા કાર્તિકના મતે, પબ્લિક ટ્રાન્સપોર્ટ કે કારપૂલિંગથી ન માત્ર ખિસ્સાનો બોજ હળવો થાય છે પરંતુ દેશના કિંમતી સંસાધનોની પણ બચત થાય છે. યુવાનો હવે ઓફિસ સિવાય વોટર પાર્ક જેવી અંગત મુસાફરીમાં પણ સરકારી પરિવહનને જ પ્રાથમિકતા આપી રહ્યા છે.

**સાત વર્ષના...**

પૈકી 7 મહિનાનો શિવાંશને તેની માતા હીંચકાના ઘોડિયામાં સૂવડાવી દીધો હતો અને કામ કરી રહ્યાં હતાં. ત્યારે શિવાંશ ઊંઘમાં પડખું ફરવા જતાં 4 ફૂટ ઊંચા ઘોડિયામાંથી નીચે પડી ગયો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

**રૂ.૬૩૧ કરોડના...**

સાયબર કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

સીઆઈડી ક્રાઈમના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી આ સમગ્ર ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસ દરમિયાન આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા ૪૫ બેંક ખાતાઓની વિગતો 'નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ' (NCCRP) પર ચકાસવામાં આવતા સમગ્ર દેશમાં કુલ ૯૮૨ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત આ ગેંગ વિરુદ્ધ દેશના વિવિધ રાજ્યોમાં ૨૦૦થી વધુ FIR નોંધાઈ ચૂકી છે.

**પકડાયેલા 13માંથી...**

અરબાઝ ઇકબાલ પીરજાદા (રાવપુરા, વડોદરા)

૧૦. ફૈઝાન યાકુબભાઈ સોદાગર (લહેરીપુરા, વડોદરા)

૧૧. કાસિફઅલી મુસ્તુતાકઅલી શેખ - જેતલપુર, વડોદરા)

૧૨. મહોમદ ઝુબેર સલીમભાઈ મેમણ (મુગલવાડા, વડોદરા)

૧૩. હાર્દિક કેશુભાઈ સરવૈયા (રાજકોટ)

### સુરતમાં સ્ટેપ એડોપ્શનનો વધતો સ્વીકાર

# એકસાથે પાંચ પરિવારને કાયદેસર માતા-પિતાનો દરજ્જો મળ્યો

**કલેક્ટર** તેજસ પરમારના હસ્તે દત્તક આદેશ વિતરણ, રાજ્યમાં સુરત જિલ્લો પ્રથમ સ્થાને

### શું છે સ્ટેપ એડોપ્શન?

સ્ટેપ એડોપ્શન એટલે કોઈ વ્યક્તિ પોતાના જીવનસાથીના અગાઉના લગ્ન અથવા સંબંધથી જન્મેલા બાળકને કાયદેસર રીતે દત્તક લેવાની પ્રક્રિયા. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સાવકા માતા કે પિતાને બાળક પર તમામ કાયદાકીય અધિકારો અને જવાબદારીઓ પ્રાપ્ત થાય છે. જુવેનાઇલ જસ્ટિસ એક્ટ-૨૦૧૫ અને CARAના નિયમો અનુસાર આ પ્રક્રિયા કરવામાં આવે છે. બાળકની સુરક્ષા, સંમતિ અને પરિવારનું સ્થાયિત્વ ધ્યાનમાં રાખીને દત્તક પ્રક્રિયા ઓનલાઈન પોર્ટલ મારફતે પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવે છે.

સુરતઃ સુરત જિલ્લામાં સાવકા માતા-પિતા દ્વારા બાળકોને કાયદેસર રીતે દત્તક લેવાની પ્રક્રિયા એટલે કે 'સ્ટેપ એડોપ્શન'પ્રત્યે લોકોમાં વધતી જાગૃતિ અને સ્વીકાર જોવા મળી રહ્યો છે. તેના ભાગરૂપે શનિવારે સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમારના હસ્તે એકસાથે પાંચ પરિવારોને સ્ટેપ એડોપ્શનના કાયદેસર આદેશ આપવામાં આવ્યાં હતા.

આ પ્રક્રિયા અંતર્ગત ૮થી ૧૭ વર્ષની વય ધરાવતી ત્રણ દીકરી અને ચાર દીકરાને તેમના સાવકા માતા-પિતા દ્વારા કાયદેસર રીતે દત્તક લેવામાં આવ્યા છે. દત્તક આદેશ મળતા સંબંધિત પરિવારોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. જિલ્લા કલેક્ટરે તમામ પરિવારોને શુભેચ્છા પાઠવી હતી અને બાળકના સુરક્ષિત ભવિષ્ય માટે આ પ્રક્રિયાને મહત્ત્વપૂર્ણ ગણાવી હતી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એલ.બી. પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સમગ્ર કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વિજય પરમારે જણાવ્યું હતું કે, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળ કાર્યરત સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA) ના ઓનલાઈન પોર્ટલ મારફતે દંપતીઓએ અરજી કરી હતી. જરૂરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા દત્તક આદેશ જારી કરવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, સ્ટેપ એડોપ્શનના મામલે સુરત જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાને રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૪૮ સ્ટેપ એડોપ્શન તેમજ સંબંધીઓ દ્વારા બાળક દત્તક લેવાના ૧૧ આદેશ આપવામાં આવ્યા છે.


DGVCL

**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

વાપી ગ્રામ્ય વિભાગીય કચેરી

બલિઠા બ્રિજ ની પાસે, બલિઠા, વાપી -396191

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ 3003

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. GIDC Ph-4 | ૧૧ કે.વી. કરવડ | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨ | ૬૬ કે.વી. GIDC Ph-4 | ૧૧ કે.વી. લેકવ્યૂ | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩ | ૬૬ કે.વી. GIDC Ph-4 | ૧૧ કે.વી. મહાવીર | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪ | ૬૬ કે.વી. GIDC Ph-4 | ૧૧ કે.વી. દમણગંગા ઇન્ડ.પાર્ક | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૫ | ૬૬ કે.વી. GIDC Ph-4 | ૧૧ કે.વી. એસ & જે | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૬ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. ન્યુ ડુંગરા | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૭ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. લવાછા | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૮ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. ગારમેન્ટઝોન | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૯ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. હરિયા પાર્ક | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૦ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. જોયો પ્લાસ્ટિક | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૧ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. જી.આઈ. | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૨ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. હરે ક્રિષ્ના | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૩ | ૬૬ કે.વી. ડુંગરા | ૧૧ કે.વી. સર્વોદય | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૪ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી તંબાડી | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૫ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી દેગામ | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૬ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી કરાયા | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૭ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી માઈલસ્ટોન | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૮ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી બિહાની | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૯ | ૬૬ કે.વી. કાકડકોપર | ૧૧ કે.વી. રાધામાધવ | ડુંગરા | ૯૯૦૯૯૩૭૫૨૧ | ૩૦-૦૫-૨૦૨૬/શનિનાર | ૦૭:૦૦ થી ૧૫:૩૦ |
| ૨૦ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. તુલસી | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૧ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. અમૃત | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૨ | ૬૬ કે.વી. પરીયા | ૧૧ કે.વી. ખૂંતેજ | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૬-૦૫-૨૦૨૬/મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૩ | ૬૬ કે.વી. પરીયા | ૧૧ કે.વી. ડુમલાવ | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૬-૦૫-૨૦૨૬/મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૪ | ૬૬ કે.વી. પરીયા | ૧૧ કે.વી. રોહિણા | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૬-૦૫-૨૦૨૬/મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૫ | ૬૬ કે.વી. પરીયા | ૧૧ કે.વી. એમ.એમ.ટેકનો | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૬-૦૫-૨૦૨૬/મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૬ | ૬૬ કે.વી. પરીયા | ૧૧ કે.વી. મોરા ફળિયા | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૬-૦૫-૨૦૨૬/મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૭ | ૬૬ કે.વી. પરીયા | ૧૧ કે.વી. વેલવાગડ | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૬-૦૫-૨૦૨૬/મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૮ | ૬૬ કે.વી. પરીયા | ૧૧ કે.વી. ઉમિયા | પારડી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૯ | ૨૬-૦૫-૨૦૨૬/મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૨૯ | ૬૬ કે.વી. ખડકી | ૧૧ કે.વી. સારણ | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૨૮-૦૫-૨૦૨૬/ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૦ | ૬૬ કે.વી. કોલક | ૧૧ કે.વી. કીકરલા | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૨૯-૦૫-૨૦૨૬/શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૧ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. અંબાચ | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૨ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. પાથરપુજા | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૩ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. વાઘસર | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૪ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. મુળગામ | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૫ | ૬૬ કે.વી. છીરી | ૧૧ કે.વી રણછોડનગર | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૩૦-૦૫-૨૦૨૬/શનિનાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૬ | ૬૬ કે.વી. છીરી | ૧૧ કે.વી છરવાડા | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૩૦-૦૫-૨૦૨૬/શનિનાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૭ | ૬૬ કે.વી. છીરી | ૧૧ કે.વી જે નાન્જી-૨ | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૩૦-૦૫-૨૦૨૬/શનિનાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૮ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી પંડોર | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩૯ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી રાતા | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૦ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી કોપારલી | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૧ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી વૃંદા વિઠ્ઠલ | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૫-૦૫-૨૦૨૬/સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૨ | ૨૨૦ કે.વી. બલિઠા | ૧૧ કે.વી. એ.ડી.એચ | વાપી ટાઉન | ૯૮૭૯૨૦૦૯૯૨ | ૩૦-૦૫-૨૦૨૬/શનિનાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૩ | ૬૬ કે.વી. GIDC Ph-1 | ૧૧ કે.વી. સેલવાસા રોડ | વાપી ટાઉન | ૯૮૭૯૨૦૦૯૯૨ | ૨૭-૦૫-૨૦૨૬/બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૪ | ૬૬ કે.વી. વટાર | ૧૧ કે.વી. રોયલ વિલેઝ | વાપી વેસ્ટ | ૯૯૦૯૯૩૭૫૮૭ | ૨૮-૦૫-૨૦૨૬/ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૫ | ૬૬ કે.વી. વટાર | ૧૧ કે.વી. તારક પારડી | વાપી વેસ્ટ | ૯૯૦૯૯૩૭૫૮૭ | ૨૮-૦૫-૨૦૨૬/ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૬ | ૬૬ કે.વી. વટાર | ૧૧ કે.વી. નિસર્ગ | વાપી વેસ્ટ | ૯૯૦૯૯૩૭૫૮૭ | ૨૮-૦૫-૨૦૨૬/ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૭ | ૬૬ કે.વી. વટાર | ૧૧ કે.વી. ધ્વની | વાપી વેસ્ટ | ૯૯૦૯૯૩૭૫૮૭ | ૨૮-૦૫-૨૦૨૬/ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪૮ | ૬૬ કે.વી. વટાર | ૧૧ કે.વી. વેલી ફ્લોરા | વાપી વેસ્ટ | ૯૯૦૯૯૩૭૫૮૭ | ૨૮-૦૫-૨૦૨૬/ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |

કાર્યપાલક ઈજનેર, વાપી, રૂરલ વિભાગીય કચેરી, બલિઠા.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો



DGVCL

**દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

CINU40102GJ2003SGC042909

ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી

મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

**વીજપુરવઠો બંધ રેહવા**

આથી અમારા જંબુસર ગ્રામ્ય, દહેજ સબડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર ૬૬ કેવી સબ સ્ટેશન નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવા માં આવશે, જેની જાહેર જનતા ને ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ / વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી દહેજ | ૧૧ કેવી કડોદરા | દહેજ | ૯૨૧૩૦૧૦૦૧૯ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૨ | ૬૬ કેવી સારોદ | ૧૧ કેવી સારોદ | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૭-૦૫-૨૦૨૬ / બુધવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૩ | ૬૬ કેવી જંબુસર | ૧૧ કેવી કોરા | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૪ | ૬૬ કેવી જંબુસર | ૬૬ કેવી ટંકારી | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૫ | ૬૬ કેવી માસર રોડ | ૧૧ કેવી વહેલમ | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |

એમ.સી.બી / ઇ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો